# ટ્રમ્પના સ્વાગત માટે ગુજરાત સુસજ્જ

## નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ પહેલા સ્ટેડિયમનું અનાવરણ કરી દેવાશે : ભવ્ય કાર્યક્રમ, રોડ શોને લઇ સંબંધિત તંત્ર દ્વારા તૈયારી : સેલિબ્રિટીઓને જુદી જુદી ટિકિટો

અમદાવાદ, તા.૨૨

નમસ્તે ટ્રમ્પ પ્રોગ્રામને લઈને અમદાવાદ સંપૂર્ણપણે સજ્જ છે. સંબંધિત તંત્રના લોકો પણ મોરચા સંભાળી ચુક્યા છે. એએમસી અને સંબંધિત વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. અમદાવાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સ્વાગત કરવા માટે નવા રંગરુપ સાથે સજ્જ છે. બીજી બાજુ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે કેટલાક પગલા લેવામાં આવ્યા છે જેના ભાગરુપે ચાંદખેડા અને મોટેરામાં પ્રવેશવાના રસ્તા પર વાહનોની અવરજવર કાર્યક્રમની પૂર્ણાહૂતિ સુધી પ્રતિબંધ રહેશે. સ્થાનિક લોકોની કામગીરી ખોરવાય તેવી શક્યતા છે. જો કે, મુખ્યમંત્રી રૂપાણી પહેલાથી જ કહી ચુક્યા છે કે, કોઈ સામાન્ય વ્યક્તિને તકલીફ ન પડે તે માટે ખાતરી કરવા કહેવામાં આવી ચુક્યું છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને લઈ તા.૨૪મી ફેબ્રુઆરીએ મોટેરા, ચાંદખેડા અને આસપાસના વિસ્તારમાં બંધ જેવો માહોલ જોવા મળશે. કારણ કે, સુરક્ષાના કારણોસર પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા આ વિસ્તારોની શાળા, કોલેજો, ધંધા-રોજગારના એકમો, બેંકો લગભગ બંધ રહેવાના કારણે સ્થાનિક જનજીવન ભારે પ્રભાવિત થાય તેવી પૂરી શકયતા છે. ખાસ કરીને ચાંદખેડા અને મોટેરામાં પ્રવેશવાના રસ્તાઓ પર વાહનોની અવરજવર પર પણ પ્રતિબંધ મૂકાયો હોઈ સ્થાનિકો ભારે હાલાકીનો ભોગ બને તેવી પણ શકયતા છે. અમેરિકી રાષ્ટપ્રમુખ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીના તા.૨૪ ફેબ્રુઆરીએ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ અને રોડ શોને લઈ પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ ચાંદખેડા અને મોટેરામાં પ્રવેશવાના રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જેથી સવારથી જ ધમધમતા આખો ન્યુ સીજી રોડ બંધ જોવા મળશે. ન્યુ સીજી રોડ પર આશરે ૧૦ જેટલી બેંકો, ચાર જેટલી સ્કૂલો, અનેક કોમ્પ્લેક્સમાં ટ્યુશન કલાસીસો આવેલા છે, જેને બંધ રાખવાની ફરજ પડશે. ન્યુ સીજી રોડ, મોટેરામાં રહેતા લોકોએ પણ જો શહેરમાં કે અન્ય કામથી બહાર જવું હશે તો સવારે ૮ વાગ્યા પહેલા જ નીકળી જવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. મોદી અને ટ્રમ્પના રોડ શોને લઈ સાબરમતી પાવરહાઉસથી ઝુંડાલ, ન્યુ સીજી રોડ, મોટેરા ગામના રસ્તાઓ બંધ રહેશે. જેથી સાબરમતી ટોલનાકા, વિસત ત્રણ રસ્તા, જનતાનગર, મોટેરા અને ચાંદખેડાના વેપારીઓએ પોતાની દુકાનો અને વેપાર-ધંધા તા.૨૪મી ફેબ્રુઆરીએ બંધ રાખવા પડશે જેના કારણે તેઓને એક દિવસનું નુકસાન ભોગવવાનો વારો આવશે. તો સ્થાનિક લોકોના સવારથી સાંજ સુધીના રોજિંદા કામો અટવાઈ પડશે. તો, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને તેની પાસે આવેલી વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ પણ બંધ રાખવાની ફરજ પડશે. સવારે ૮-૦૦ વાગ્યાથી જ રસ્તા બંધ હોવાથી કોઈપણ સ્કૂલવાન અને બસ મોટેરા ગામ, ન્યુ સીજી રોડ કે સાબરમતી હાઈવે પર અવરજવર નહીં કરી શકે માટે તેઓએ બાળકોને લેવા આવવાની ના પાડી દીધી છે જેથી બાળકોને એક દિવસ સ્કૂલે નહીં જઈ શકે. વિસત ત્રણ રસ્તા પાસે કેન્દ્ર સરકારની ઓએનજીસી કંપનીની ઓફિસ અવની ભવન આવેલી છે. જેમાં હજારો કર્મચારીઓ કામ કરે છે, પરંતુ તા.૨૪મીએ રસ્તા બંધ હોવાથી આ કર્મચારીઓને સવારના ૮ વાગ્યા પહેલા વાહન સાથે અને ૮ વાગ્યાથી જ વાહન વિના નોકરીએ જવાની ફરજ પડશે. માત્ર એટલું જ નહીં, નોકરીએથી સાંજે ૪ વાગ્યા પછી જ ઘરે જઈ શકશે. પાવર હાઉસ સર્કલથી જનપથ ત્રણ રસ્તાથી વિસત સર્કલથી સીધા ઝુંડાલ સર્કલ સુધીનો માર્ગ અને પાવર હાઉસ સર્કલથી જનપથ ત્રણ રસ્તાથી વિસત સર્કલથી તપોવન સુધીનો માર્ગ બંધ રાખવામાં આવશે. જેની સામે પાવર સર્કલ ધર્મનગર થઈ ઓએનજીસી રોડ થઈ અંદરના માર્ગો પર અવર જવર કરી શકાશે, તેમજ ચીમનભાઈ બ્રિજ થઈ પ્રબોધ રાવળ સર્કલ થઈ રાણીપ ત્રણ રસ્તા થઈને બલોલ નગર થઈ જીએસટી ઓવરબ્રીજ થઈ જગતપુરા થઈ એસ.જી.હાઈવે તરફ અવર જવર કરી શકાશે. આ ઉપરાંત ચીમનભાઈ બ્રીજ થઈ પ્રબોધ રાવળ સર્કલ થઈ રાણીપ ત્રણ રસ્તા થઈ અખબાર નગર સર્કલ થઈ રાણીપ ત્રણ રસ્તા થઈને ગોતા બ્રિજ નીચેના ભાગેથી એસ.જી.હાઈવે તરફ અવર જવર કરી શકાશે. જનપથ ત્રણ રસ્તાથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસિડન્સી ત્રણ રસ્તા થઈ મોટેરા ત્રણ રસ્તા સુધીનો માર્ગ, ન્યૂ સી.જી.રોડ સર્કલથી સંગાથ મોલથી મોટેરા સ્ટેડિયમ તરફનો માર્ગ, કોટેશ્વર ત્રણ રસ્તાથી સોમનાથ ફાર્મ થઈ કૃપા રેસિડન્સી સુધીનો માર્ગ, દેવર્ષ ફ્લેટ ત્રણ રસ્તાથી શરણ સ્ટેશન થઈ આસારામ આશ્રમ ચાર રસ્તાથી ક્લબ હાઉસ સુધીનો માર્ગ અને એસ.પી.રિંગ રોડ ઉપરના એપોલો સર્કલથી ભાટ કોટેશ્વર ચાર રસ્તા સુધીનો માર્ગ પ્રતિબંધિત જાહેર કર્યો છે. જેના વિકલ્પરૂપે એપોલો સર્કલ થઈ તપોવન સર્કલથી વિસત ત્રણ રસ્તાથી ઓએનજીસી ચાર રસ્તાથી જનપથ ત્રણ રસ્તા સુધીના માર્ગ પર અવર-જવર કરી શકાશે. મોટેરા ત્રણ રસ્તાથી થઈ રિંગ રોડ ઉપર તરફ અવર-જવર કરી શકાશે.










## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




હમણાં આઘો જા... ટ્રમ્પટ ગયા બાદ તને તારો રસ્તો ઉબડ ખાબડ હતો તેવો જ કરી દઈશું...!!

### ફરસીપુરી,
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ટાર્ગેટમાં વધારો થયો હોવાનું જાણવા મળેલ છે જેના પગલે ૫૦ જેટલી ખાનગી બસોની પણ વ્યવસ્થા અને પાર્કિંગની સુવિધા ઉભી કરાઈ છે.

છેલ્લા પંદર દિવસથી સતત તૈયારીઓની સમીક્ષા થઈ રહી છે. આયોજનને હવે આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ફૂડ પેકેટ્સની સાથે દરેકને પાંચ ચોકલેટ્સ પણ આપવામાં આવનાર છે જેથી ગરમીને કારણે તરસ ઓછી લાગે અને બી.પી.માં પણ રાહત રહે.

### ડીલ કરી શકે
● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબતોને પ્રાથમિકતા આપનાર છે. તેમણે કહ્યુ છે કે ભારત અને અમેરિકા વચ્ચે શાનદાર ટ્રેડ ડીલ થઈ શકે છે. ટ્રમ્પે એવો ઈશારો પણ કર્યો હતો કે તેઓ ડીલને ટાળી પણ શકે છે. જ્યારે ડીલને ફાઈનલ કરવામાં આવશે ત્યારે અમેરિકાના હિતોને પહેલા જોવામાં આવનાર છે. મોદીને ફરી એકવાર ટફ નિગોશિયેટર બનવાની ફરજ પડી શકે છે. ડીલને ભારતની તરફેણમાં ઝુંકાવવાની બાબત મોદી માટે મુશ્કેલરૂપ બાબત છે. ટ્રમ્પે ગુરૂવારના દિવસે લાસવેગાસમાં એક કાર્યક્રમમાં કહ્યુ હતુ કે અમે ભારત જઈ રહ્યા છે અને એક શાનદાર ડીલ થઈ શકે છે.બીજી બાજુ નમસ્તે કાર્યક્રમ માટે આવી રહેલા ટ્રમ્પના સ્વાગત માટે લાખો લોકો તૈયાર છે.

### મંત્રણા નિષ્ફળ
● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોથા દિવસે પણ દેખવકારોની એકપણ વાત સાંભળવા દેખાવકારો તૈયાર થયા ન હતા. સાત જેટલી માંગણીઓ દર્શાવીને મંત્રણાકારોને પરત મોકલી દેવામાં આવ્યા હતા. દેખાવકારોએ મંત્રણાકાર સમક્ષ સાત માંગણી મુકીને કહ્યું હતું કે, જ્યાં સુધી સીએએને પરત લેવામાં આવશે નહીં ત્યાં સુધી રસ્તાને ખાલી કરવામાં આવશે નહીં. સવારે ૧૦.૩૦ વાગે સાધના રામચંદ્રન પહોંચ્યા હતા અને કહ્યું હતું કે, જો રસ્તો ખુલશે નહીં તો તેમની મદદ કરી શકાશે નહીં. અમે પ્રદર્શન ખમત કરવા માટે કહી રહ્યા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ સરકાર તરફથી પણ આવ્યા નથી. સુપ્રીમ કોર્ટના કહેવાથી અમે આવ્યા છે અને સુરક્ષા આપવામાં આવે તેવી અમારી રજૂઆત છે. એક પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવા માટે કહેવામાં આવશે. પ્રદર્શનકારીઓની માંગ છે કે, એનપીઆરને લાગૂ કરવાની જરૂર નથી. કેન્દ્રીય મંત્રીઓના વિવાદાસ્પદ નિવેદનો બદલ કાર્યવાહી થવી જોઈએ. આંદોલનમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને વળતર મળવા જોઈએ. પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા લોકોને સારવાર માટે રકમ મળવી જોઈએ. દિલ્હી પોલીસ પર વિશ્વાસ હોવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. બીજી બાજુ શાહીનબાગ પ્રદર્શન કરનાર લોકોમાં પણ મતભેદની સ્થિતિ ઉભી થઇ ગઈ છે.

### મોરપીંછના રંગ
● ચોથા પાનાનું ચાલુ

ભાષા, મીડિયા - પત્રકારિત્વની ભાષા, ગ્રામીણ બોલીઓ કે લોકભાષાઓ, આદિવાસી કે વંચિતો કે શોષિતોની ભાષા, આપણી માતૃભાષાના આવા અનેક રંગરૂપો છે. અનેક લહેરો છે, કોઈપણ વ્યક્તિ સાહિત્યની ઉત્તમ કૃતિ વાંચીને જ માતૃભાષાના પ્રેમમાં પડે છે. ભાષા એ કાંઈ માત્ર લિપિ નથી. ‘‘અ’’થી ‘જ્ઞ’ સુધીના મૂળાક્ષરો જ નથી. પણ ભાષા એ સમગ્ર પ્રદેશનો પ્રાણ છે, આદર્શ છે, દુનિયાની કોઈપણ ભાષાનું આક્રમણ આપણી ગુજરાતીને હરાવી કે હંફાવી શકે એમ નથી. આજે ગુજરાતી ભાષાના અનેક શબ્દોનો ધ્વજ વિશ્વની અનેક ભાષાના શબ્દકોશોમાં લહેરાઈ રહ્યો છે. એનાથી બીજું મોટું ગૌરવ કયું હોઈ શકે ?

આવો, આપણે સૌ સાથે મળીને, નાત જાત, ધર્મ, રાજનીતિ બધુ એક તરફ રાખીને માત્ર ગુજરાતી હોવાનું ગૌરવ લઈને ગુજરાતી ભાષા સાહિત્યનું સન્માન કરીએ. હું મારી જ ગુજરાતી કવિતામાં કહું તો...

**‘‘હું ગુજરાતી તું ગુજરાતી આપણ સૌનું તળ ગુજરાતી**
**રગ રગ વહેતા રક્તકણોમાં ધમકે છે તે બળ ગુજરાતી’’**

- 9426060601.india@gmail.com

### વાહનચોરીના ગુનામાં ૮ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેર પોલીસ મથકમાં વાહનચોરીના ગુનામાં છેલ્લા ૮ વર્ષથી નાસતો ફરતો આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પોલીસની ટીમ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સક્રિય હતા તે સમયે હે.કો. ભવાનસિંહને બાતમી મળી હતી કે કલોલ શહેરના વર્ષ ૨૦૧૨માં નોંધાયેલી વાહન ચોરીના ગુનામાં આરોપી નાસતો ફરે છે. જેને પગલે એલસીબી પોલીલે વિજુભા જોગાજી વાઘેલાને બનાસકાઠાના મેડકોલ ગામ ખાતે તેના ઘરેથી પકડી પાડ્યો હતો. કલોલ શહેરમાંથી આરોપીએ વર્ષ ૨૦૧૨માં સાગરીતો સાથે મળીને બાઈકની ચોરી કરી હતી જેમાં તેના સાગરીતો પકડાઈ ગયા હતા. આ ચોરીમાં તેનુ નામ ખુલતાતે ૮ વર્ષથી નાસતો ફરતો હતો. પોલીસે તેને પકડી પાડી આગળની તપાસ શરુ કરી છે.

### રાયપુર ગામે જુગાર રમતા ત્રણ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ડભોડા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે રાયપુર ગામે રામાપીર વાસની બાજુમાં નદીના કોતરોમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા રાયપુર ગામના રાજેશ ગલાજી ઠાકોર ઉં.વ.૪૦, અજય રમેશજી સોલંકી ઉં.વ.૨૩ તેમજ પોપટજી બુધાજી ઠાકોર ઉં.વ.૨૬ને પકડી પાડી અંગજડતી અને દાવ પરથી પોલીસને કુલ રૂ. ૩૨૫૦ નો મુદ્દામાલ પકડી પાડી જુગાર ધારાનો કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### અનુભવી યોગાચાર્ય દ્વારા યોગ ટ્રેનરોની તાલીમનો પ્રારંભ

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા દરેક જિલ્લાના યોગ કોચ થકી યોગ ટ્રેનરો તૈયાર કરવાનું અભિયાન છેડવામાં આવ્યું છે. જે અંતર્ગત સેકટર-૭માં ચ-૩ સર્કલ પાસેના ડીવાઈન યોગા એન્ડ નેચરોપેથી સેન્ટર ખાતે યોગ બોર્ડ દ્વારા ગાંધીનગર જિલ્લા માટે યોગ કોચ તરીકે નિયુકત કરવામાં આનલ યોગાચાર્ય કાનજીભાઈ બાવરી (ગુરૂજી) દ્વારા યોગ ટ્રેનરોની નિઃશુલ્ક તાલીમનો આરંભ કરી દીધો છે. પતંજલિ યોગ સમિતિના પણ ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ એવા અનુભવી યોગાચાર્ય કાનજીભાઈ બાવરી પાસે હાલ ૧૫૮ યોગ સાધકો યોગ ટ્રેનર બનવાની તાલીમ મેળવી રહ્યા છે.

### રવિવારે ત્રિદલ સંસ્થાની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૨

શિક્ષણ, સાહિત્ય અનો સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાની ફેબ્રુઆરી માસની બેઠક તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે સે-૨૧ સ્થિત ૭૯૦/૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. આ બેઠકમાં ગાંધીનગરના જાગૃત પ્રહરી અરૂણભાઈ બુચ નગરના તાકીદના પ્રશ્નો અને તેના ઉકેલની દિશા વિષય પર વાર્તાલાપ કરશે. સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા નગરના જાગૃત નાગરિકો, સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## પરપ્રાંતીય ઓબીસી પરિવારોને મળવાપાત્ર લાભો અપાવવા રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને રજૂઆત



ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના પરપ્રાંતિય ઓબીસી અધિકાર મંચના સંયોજક તુલસીભાઈ માલી તથા સહ સંયોજક ઈન્દ્રભાઈ પ્રજાપતિ સહિતના પદાધિકારીઓએ તાજેતરમાં મહેસાણા ખાતે રાજ્યના પ્રવાસે આવેલા રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગના ઉપાધ્યક્ષ ડૉ. લોકેશ પ્રજાપતિ સાથે કોન્ફરન્સ યોજી હતી. આ કોન્ફરન્સમાં ગુજરાતમાં રહેતા પરપ્રાંતીય ઓબીસી પરિવારોને જેઓ બક્ષીપંચમાં સામેલ કરાયાં છે તેમને જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેની કટ-ઓફ ડેટ ૧૯૭૮ લગાડી તે અગાઉથી રાજ્યમાં રહેતા હોય તેમને જ ઓબીસીનો લાભ આપવામાં આવે છે તે કટ-ઓફ ડેટને ૪૦ વર્ષથી વધુનો સમય વીતવા છતાં સુધારવામાં નથી આવી તે સુધારવા રજૂઆત કરી હતી. આ સાથે ગુજરાતમાં જન્મેલા પરપ્રાંતીય ઓબીસી વર્ગના સભ્યને રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, મૂળ નિવાસ પ્રમાણપત્ર જેવા પ્રમાણપત્રો મેળવવામાં પડતી તકલીફ દૂર કરવા તથા રાજ્યની સરકારી નોકરીઓમાં તથા શિક્ષણમાં ઓબીસીનો લાભ મળે તે હેતુથી રજૂઆત કરી હતી.

## રાજ્યના સહકારી અગ્રણી તથા ગુજકોમાસોલના પૂર્વ ચેરમેનના નિધનથી સહકારી પ્રવૃતિને મોટી ખોટ પડશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના સહકારી આગેવાન તેમજ ગુજકોમાસોલના પૂર્વ ચેરમેન નટવરલાલ પીતાંબરદાસ પટેલનું આજે દુ:ખદ અવસાન થવા પામ્યું છે. સદ્‌ગતના અવસાનથી ગુજકોમાસોલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો તથા કર્મચારીઓએ ઊંડા દુ:ખ અને આઘાતની લાગણી વ્યક્ત કરી છે અને તેમના અવસાનથી રાજ્યની સહકારી પ્રવૃત્તિ તેમજ જાહેરજીવનને ઘણી ખોટ પડી હોવાની લાગણી વ્યક્ત કરી છે.

સ્વ. નટવરલાલ પટેલ ૧૯૭૩થી ગુજકોમાસોલમાં ડિરેક્ટર પદે કાર્યરત હતા અને તેઓએ વર્ષ ૧૯૮૦ થી ૧૯૮૮, વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૪ તથા વર્ષ ૨૦૦૦થી ૨૦૧૭ સુધી ચેરમેનપદે સેવાઓ આપી સંસ્થાની પ્રગતિમાં મોટુ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે ઈફકો તથા ઈન્ટરનેશનલ કો.ઓ. એલોયન્સના ચેરમેનપદે પણ વર્ષો સુધી સેવાઓ આપી હતી અને વિવિધ સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર રહી સંસ્થાઓની પ્રગતિમાં યોગદાન આપ્યું હતું. તેમણે આજીવન ખેડૂતોના ઉત્કર્ષ માટે જીવન પર્યત યોગદાન આપવા સાથે સહકારી ક્ષેત્રે તેમજ જાહેરજીવનમાં સક્રીય રહી ખેડૂતો સહિત આમ જનતાની પ્રગતિને વેગ આપવા પ્રયત્ન કર્યો હતો. ગુજકોમાસોલ દ્વારા સ્વર્ગસ્થના પરિવારજનોને આફત સહન કરવાની શક્તિ આપે તથા પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ આપે તેવી પ્રાર્થના વ્યક્ત કરવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્સ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ